**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૮/૮/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૪૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૫ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૦ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૮,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૩/૧૫</u>**

**ગુજરાત યુનિવર્સિટી:-** ધર્મેન્દ્રભાઈ રામચંદ્ર શર્મા (ઉ.વ.૪૨) (રહે.સુમન સજની સોસાયટી ઘોડાસર) એ તા.૧૭/૮/૧૫ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) વીણાબહેન નરેશચંદ્ર ગોપાલાણી (૨) રમેશ ઉર્ફે રવિ નરેશચંદ્ર ગોપાલાણી (૩) નરેશચંદ્ર ઈદન ગોપાલાણી અને (૪) અમિત કરમચંદાની (તમામ રહે. સોરાબજી એપાર્ટમેન્ટ સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ) એ ભેગામળી તા.૨/૯/૨૦૧૪ થી તા.૨૪/૬/૧૫ ના સમયગાળા દરમ્યાન, શર્મા ઓવરસીઝ નામથી એગ્રો કોમોડીટી આયર્ન મોના ઈન્કપોટ એક્સપોર્ટ નામની ધર્મેન્દ્રભાઈની કંપનીના નામના ધર્મેન્દ્રભાઈના અલગ અલગ બેન્કના ખોટી સહીઓ વાળા ચેક તથા ટી.ટી. બનાવી ખરા છે તેમ રજુ કરી નવરંગપુરા મેમનગર ફાયર સ્ટેશન પાસે પિલ્સ પ્લાઝા ખાતેથી કુલ રૂપિયા ૩,૬૧,૫૨,૧૮૪/- ઉચાપત કરી ડેટાનો નાશ કરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ એમ રાજ્યગુરૂ ચલાવે છે.

**<u>અપહરણ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૪/૧૫</u>**

**નારણપુરા:** વિજય લક્ષ્મીકાંત પાંડવ (રહે.શાસ્ત્રીનગર પોલીસ લાઈન નારણપુરા) એ તા.૧૭/૮/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૮/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીકથી પોતાના ભત્રીજા અભય શશીકાંત પાંડવ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર ભીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડાઃ** રોશનીબહેન લલ્લુરામ ગૌતમ (ઉ.વ.૧૭) (રહે.રામદેવનગર મુઠીયા ગામ નરોડા) ને તા.૧૪/૮/૧૫ થી પંદર દિવસ પહેલા નરોડા મુઠીયા ગામ તળાવ નજીક રહેતો આરોપી ભૈરવ ઉર્ફે ભૈરવો વિષ્ણુભાઈ પ્રજાપતિ લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ઝારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રોશનીબહેનના પિતા લલ્લુરામ ગૌતમે તા.૧૭/૮/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૫/૧૫</u>**

**સોલા હાઈકોર્ટઃ** રમેશન રવિકાંત (રહે. અર્જુન ટાવર સીપીનગર સામે ઘાટલોડીયા) એ તા.૧૫/૮/૧૫ રાતના ૮/૦૦ વાગે થલતેજ હેબતપુર હંસવિલા બંગલોઝ નજીક ઝેન કાર નંબર જીજે ૧ એચ એફ ૪૯૪૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ રમેશન રવિકાંત એ તા.૧૭/૮/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી એ ગોહિલ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** શૈલેષ અજીતભાઇ વૈષ્ણવ (રહે. એલ કોલોની નહેરુનગર) એ તા.૫/૮/૧૫ રાતના ૯/૦૦ વાગે બોડકદેવ ઇન્ટરનેશનલ સ્કુલના દરવાજા નજીક પોતાની ટાટા સુમો કાર નંબર જીજે ૧૮ બીએ ૬૫૯૫ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૮/૧૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ શૈલેષ વૈષ્ણવએ તા.૧૭/૮/૧૫ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે બી રાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)